ન્યૂયોર્કમાં ઇસ્ટરની ભવ્ય પરેડ યોજાઇ

» ન્યૂયોર્કવાસીઓએ રવિવારે મેનહટ્ટનમાં ઈસ્ટર પરેડ અને બોનેટ ફેસ્ટિવલ દરમિયાન પોતાની ઈસ્ટર કૃતિઓ અને રંગબેરંગી પોશાકોનું પ્રદર્શન કર્યું હતું. આ પરેડ સવારે 10 વાગ્યે શરૂ થઈ હતી અને મિડટાઉનમાં 49મા સ્ટ્રીટથી 57મા સ્ટ્રીટ સુધી ફિફ્થ એવન્યુ પર વિસ્તરી હતી, જ્યાં સેન્ટ પેટ્રિક કેથેડ્રલની આસપાસ ભીડ એકઠી થઈ હતી. 1870ના દાયકાથી ચાલી આવતી આ પરંપરામાં રંગબેરંગી અને ભવ્ય પોશાકો અથવા શણગારેલી ટોપીઓ પહેરેલા લોકોની વિશાળ મેદની ઉમટી પડે છે. આ એક અનૌપચારિક પરેડ છે જેમાં કોઈ ટિકિટની જરૂર હોતી નથી અને તેમાં કોઈ ઔપચારિક સરઘસ હોતું નથી; તે માત્ર લોકોને તેમના શ્રેષ્ઠ રવિવારીય પોશાક અથવા સર્જનાત્મક થીમ આધારિત કપડાં પહેરીને આ માર્ગ પર ચાલવા માટે આમંત્રિત કરે છે. બ્રુકલિન સ્થિત કલાકાર કેસી સોબેલે 'ગોથમિસ્ટ'ને જણાવ્યું હતું કે તે વર્ષોથી આ કાર્યક્રમમાં ભાગ લે છે અને આ દિવસે પ્રદર્શિત કરવા માટેની પોતાની કૃતિઓ તૈયાર કરવામાં મહિનાઓ વિતાવે છે. તેણીએ આ આઉટલેટને જણાવ્યું હતું કે, તે લોકોના એક સુંદર સમુદાય જેવું લાગે છે કારણ કે આપણે બધા ત્યાં કોઈ સ્પર્ધા વિના, નવી અને રસપ્રદ રીતે પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે એકઠા થયા હોઈએ છીએ.

પેજ 3

'ભૂત બંગલા'ની ઈવેન્ટમાં પ્રિયદર્શન-પરેશ રાવલ પડતાં-પડતાં માંડ બચ્યા

મુંબઈઃ મુંબઈમાં સોમવારે અક્ષય કુમારની આગામી ફિલ્મ \R'ભૂત બંગલા\R'ની ટ્રેલર લોન્ચ ઈવેન્ટ ઘણી ચર્ચામાં રહી હતી. ઈવેન્ટ દરમિયાન એક નાની દુર્ઘટના થતાં-થતાં રહી ગઈ\R, જ્યારે ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન અને અભિનેતા પરેશ રાવલ સ્ટેજ પર પડતાં-પડતાં\R માંડ બચ્યા\R હતા. જોકે\R, સ્થળ પર હાજર ટીમની સતર્કતાએ બંનેને સંભાળી લીધા હતા અને કોઈ મોટી દુર્ઘટના બની ન હતી.\R આ ઘટનાએ થોડી ક્ષણો માટે માહોલને તણાવપૂર્ણ બનાવી દીધો હતો\R, પરંતુ ટૂંક સમયમાં જ બધું સામાન્ય થઈ ગયું\R હતું. અક્ષય કુમારે માહોલ હળવો કરતાં મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે\R, તેમની ટીમ સાથે આવી નાની-મોટી \R'હોરર મોમેન્ટ્સ\R' તો ચાલતી રહે છે.

કરિશ્મા તન્નાના ઘરે ગુંજશે કિલકારી: અભિનેત્રીએ શેર કર્યા પ્રેગ્નન્સીના ખુશખબર

મુંબઈ, તા. 6: અભિનેત્રી કરિશ્મા તન્નાએ તેના ચાહકોને મોટી ખુશ ખબર આપી છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા દ્વારા તેની પ્રથમ પ્રેગ્નન્સીની જાહેરાત કરી છે. તેણે તેના પતિ વરુણ બંગેરા સાથે એક ખૂબ જ સુંદર પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે આ નવી સફરને 'લિટલ મિરેકલ' ગણાવી છે. આ પોસ્ટ સાથે તેણે સંકેત આપ્યો કે તેના ઘરે ઓગસ્ટ 2026માં નાનો મહેમાન આવવાનો છે. કરિશ્માએ ઇન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટોશૂટમાં તેની પ્રેગ્નન્સીની ઝલક બતાવી હતી. આ પોસ્ટમાં કપલ ખૂબ જ ખુશ દેખાઈ રહ્યું છે અને તેમના ચહેરા પર પેરેન્ટ્સ બનવાનો ઉત્સાહ સ્પષ્ટ દેખાય છે. અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું છે - "એ લિટલ મિરેકલ ઇઝ ઓન ધ વે."

કોલ્ડ સ્ટોરેજ માટે જરૂરી એમોનિયા ગેસના ભાવમાં બમણો વધારો

એમોનિયા ગેસનું 7200 રૂપિયાનું સિલિન્ડર 15,000નું થયું
ઉત્તર પ્રદેશના કેટલાંક જિલ્લાઓમાં બટાકાના સંગ્રહ પર જોખમ તોળાયું

નવી દિલ્હી, તા. 6: અમેરિકા-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધની અસર હવે ખાદ્ય સુરક્ષા અને કૃષિ અર્થતંત્ર પર જોવા મળી રહી છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે કોલ્ડ સ્ટોરેજ ઉદ્યોગમાં વપરાતા એમોનિયા ગેસના ભાવમાં બમણો વધારો થયો છે. ઉત્તર પ્રદેશના અલીગઢથી વારાણસી સુધીના આશરે 2500 કોલ્ડ સ્ટોરેજ આ ભાવવધારાથી પ્રભાવિત થયા છે. અલીગઢમાં એમોનિયા ગેસનું 60 કિલોનું જે સિલિન્ડર પહેલા 7,200 રૂપિયામાં મળતું હતું, તેનો ભાવ હવે 15,000 રૂપિયા સુધી પહોંચી ગયો છે.

સામાન્ય દિવસોમાં 60 થી 80 રૂપિયા પ્રતિ કિલો મળતો એમોનિયા ગેસ અત્યારે 140 થી 150 રૂપિયા સુધી વેચાઈ રહ્યો છે. એક કોલ્ડ સ્ટોરેજમાં આખા સીઝન દરમિયાન સરેરાશ 1,500 થી 2,000 કિલો ગેસની જરૂર પડે છે, જેના કારણે સંચાલન ખર્ચનું આખું ગણિત બગડી ગયું છે. ફરૂખાબાદ જેવા વિસ્તારોમાં જે ગેસ 24 કલાકમાં રિફિલ થઈ જતો હતો, તેના માટે હવે 48 કલાકનો સમય લાગી રહ્યો છે. આગ્રા, મેનપુરી અને ફિરોઝાબાદ જેવા બટાકાના મુખ્ય ઉત્પાદક જિલ્લાઓમાં બટાકાના સંગ્રહ પર જોખમ તોળાયું છે.

જોકે, મેરઠ અને બુલંદશહર જેવા વિસ્તારોમાં અત્યારે પુરવઠો સામાન્ય છે, પરંતુ વધતા ભાવે ખેડૂતો અને વેપારીઓની ચિંતા વધારી દીધી છે. કોલ્ડ સ્ટોરેજ એસોસિએશને માગ કરી છે કે આ ક્ષેત્રને માત્ર ઉદ્યોગ નહીં પણ કૃષિ સાથે જોડાયેલી આવશ્યક સેવા ગણીને રાહત આપવી જોઈએ.

યુદ્ધના કારણે દુબઈમાં પર્યટન પર સંકટ: કમાણીમાં 80 ટકા સુધીનો ઘટાડો

કેટલાંક હોટલોએ તેમના અડધાથી વધુ કર્મચારીઓને વગર પગારે રજા પર મોકલ્યા

દક્ષિણ એશિયાના પ્રવાસી કામદારોને નોકરી ગુમાવવાનો ડર, સાથે જ દેવાની ચિંતા



નવી દિલ્હી, તા. 6: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે વિશ્વના સૌથી વ્યસ્ત પ્રવાસન કેન્દ્રોમાં સામેલ દુબઈ અત્યારે ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. વર્ષ 2025માં 19.59 મિલિયન આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓનું સ્વાગત કરનાર આ શહેર અત્યારે ખાલી હોટલો અને સૂના રેસ્ટોરન્ટ્સની માર ઝેલી રહ્યું છે. પર્યટન ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓના મતે આવકમાં 50% થી 80% સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે, જ્યારે હોટલ ઓક્યુપન્સી ઘટીને માત્ર 15% થી 20% સુધી સીમિત રહી ગઈ છે.

ટાશસ હોસ્પિટાલિટી ગ્રુપ જેવા મોટા એકમોએ તેમના અડધાથી વધુ કર્મચારીઓને વગર પગારે રજા પર ઉતારી દીધા છે.

ડેટા ફર્મ એરડીએનએ (AirDNA) મુજબ, યુદ્ધ શરૂ થયાના પ્રથમ મહિનામાં (28 ફેબ્રુઆરી થી 29 માર્ચ) યુએઈમાં 2,26,500થી વધુ શોર્ટ-ટર્મ બુકિંગ રદ થયા છે. આ સંકટની સૌથી માઠી અસર દક્ષિણ એશિયાના પ્રવાસી કામદારો પર પડી છે, જેઓ નોકરી ગુમાવવાના ડરથી અને દેવાના બોજ હેઠળ જીવી રહ્યા છે. નિષ્ણાતોના મતે જો આ યુદ્ધ લાંબુ ખેંચાશે તો મધ્ય પૂર્વમાં 23થી 38 મિલિયન પ્રવાસીઓનો ઘટાડો થઈ શકે છે, જેનાથી અંદાજે 34 અબજ ડોલરથી 56 અબજ ડોલર સુધીના પ્રવાસન મહેસૂલનું નુકસાન થવાની ભીતિ છે.

હવાઈ ટ્રાફિકને પણ મોટો ઝટકો લાગ્યો છે. દુબઈ, અબુ ધાબી અને દોહા જેવા ગલ્ફ હબ પર ઉડાણો ખોરવાઈ છે અને અત્યાર સુધીમાં 30,000થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જેટ ફ્યુઅલના ભાવ વધતા અને ઓપરેશનલ મર્યાદાઓને કારણે આગામી સમયમાં હવાઈ ભાડામાં ધરખમ વધારો થવાના સંકેતો મળી રહ્યા છે. જો સ્થિતિ જલ્દી નહીં સુધરે તો ઉનાળાની સમગ્ર સીઝન નિષ્ફળ જવાની શક્યતા છે.

હોર્મુઝ બાદ વધુ એક દરિયાઈ માર્ગ પનામા નહેર પર વિવાદ

પનામા નહેર મુદ્દે અમેરિકા અને ચીન આમને સામને આવ્યા
પનામા નહેર ભારત સહિત કેટલાંક દેશો માટે માલસામાનની હેરફેર માટે શોર્ટકટ માર્ગ છે

નવી દિલ્હી, તા. 6: હોર્મુઝની કટોકટી બાદ હવે પનામા નહેરને લઈને અમેરિકા અને ચીન આમને-સામને આવી ગયા છે, જેનાથી ભારતની ચિંતામાં વધારો થયો છે. પનામા સુપ્રીમ કોર્ટે નહેરના વ્યૂહાત્મક બંદરો 'બાલ્બોઆ' અને 'ક્રિસ્ટોબાલ'ના સંચાલન અંગે હોંગકોંગ સ્થિત ચીની કંપનીનો કરાર અસંવૈધાનિક જાહેર કરતા વિવાદ વકર્યો છે. સુપ્રીમના આદેશ બાદ પનામાની સરકારે આ બંદરોનું સંચાલન પોતાના હાથમાં લીધું છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ચીન પર પનામાના જહાજોને રોકીને આર્થિક દબાણ લાવવાનો અને કાયદાના શાસનને નબળું પાડવાનો આરોપ લગાવ્યો છે. બીજી બાજુ, ચીને આ આરોપોને નકારીને અમેરિકાની સામ્રાજ્યવાદી માનસિકતા ગણાવી છે.

પનામા નહેર 82 કિમી લાંબી છે, જે પ્રશાંત અને એટલાન્ટિક મહાસાગરને જોડે છે. વિશ્વના દરિયાઈ વેપારનો 5 ટકા હિસ્સો અહીંથી પસાર થાય છે અને વાર્ષિક આશરે 14,000 જહાજો આ ટૂંકા માર્ગનો ઉપયોગ કરે છે. આ નહેરના કારણે જહાજોએ દક્ષિણ અમેરિકાનો લાંબો ફેરો નથી લેવો પડતો, જેનાથી 15,000 કિમી સુધીનું અંતર અને ઈંધણ બચે છે. ભારત માટે પણ આ માર્ગ અત્યંત મહત્વનો છે, કારણ કે અમેરિકા જતાં ભારતીય કાર્ગો જહાજો આ શોર્ટકટનો ઉપયોગ કરે છે. જો આ માર્ગ પ્રભાવિત થાય તો માલસામાનની પડતર કિંમતમાં મોટો ઉછાળો આવી શકે છે.

ચીન હાલમાં અમેરિકા પછી પનામા નહેરનો બીજો સૌથી મોટો ઉપયોગકર્તા દેશ છે. ઈરાન-અમેરિકા યુદ્ધ વચ્ચે ચીન હવે ખનીજ તેલનો વેપાર ડોલરને બદલે પોતાની કરન્સી 'યુઆન'માં કરવા દબાણ કરી રહ્યું છે, જે આ સંઘર્ષનું મુખ્ય કારણ મનાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે પણ દાવો કર્યો છે કે પનામા નહેર પર ચીની કબજો છે, જોકે પનામા સરકારે તેનો ઈનકાર કર્યો છે. ભારત માટે લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી રહેલા પનામામાં 15,000થી વધુ ભારતીયો વસે છે, તેથી આ વૈશ્વિક ખેંચતાણ ભારતની આર્થિક અને વ્યૂહાત્મક સુરક્ષા માટે ગંભીર વિષય છે.

ચંદીગઢની શાળાઓને બૉમ્બની ધમકી મળી

તપાસમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી

ચંદીગઢ, તા. 6 (PTI): ચંદીગઢમાં સોમવારે બૉમ્બની ધમકીના ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસે અનેક શાળાઓ અને સરકારી ઈમારતોમાં સઘન તપાસ હાથ ધરી હતી. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી.

ત્રણ ખાનગી શાળાઓને સૌથી પહેલા બૉમ્બની ધમકીના ઈ-મેઈલ મળ્યા હતા, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે શાળાના સમય દરમિયાન નિર્ધારિત સમયે વિસ્ફોટ થશે.

પોલીસની ટીમોને સ્થળ પર રવાના કરવામાં આવી હતી અને આ શૈક્ષણિક સંસ્થાઓની અંદર સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સાવચેતીના ભાગરૂપે શહેરની અન્ય કેટલીક શાળાઓમાં પણ સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી.

શાળાઓને મોકલવામાં આવેલા એ જ ધમકીભર્યા ઈ-મેઈલમાં જે સરકારી ઈમારતોના નામ હતા ત્યાં પણ સર્ચ અને સેનિટાઈઝેશન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

અત્યાર સુધી કંઈ મળ્યું નથી, આમ છતાં શૈક્ષણિક સંસ્થાઓ અને મહત્ત્વપૂર્ણ સરકારી મથકો સહિત સમગ્ર ચંદીગઢમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઈ-મેઈલ ક્યાંથી આવ્યા છે અને મોકલનારની ઓળખ કરવા માટે તપાસ પણ શરૂ કરવામાં આવી છે. દરમિયાન, પંજાબના ફિરોઝપુરમાં જિલ્લા અદાલત સંકુલને પણ ઈ-મેઈલ દ્વારા બૉમ્બની ધમકી મળી હતી, ત્યારબાદ પરિસરને ખાલી કરાવવામાં આવ્યું હતું. ત્યાં પણ તપાસ દરમિયાન કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી.

આ તાજી ઘટનાઓ પંજાબ અને હરિયાણાના અનેક સ્થળોએ પાછલા કેટલાક અઠવાડિયામાં બનેલી આવી જ ઘટનાઓ બાદ સામે આવી છે, જે પાછળથી માત્ર અફવા સાબિત થઈ હતી.

એનસીપી નેતાની હત્યા મામલે અજીત જોગીના પુત્રને આજીવન કેદ

છત્તીસગઢ હાઈકોર્ટે અમિત જોગીને આ ગુનાહિત કાવતરાના માસ્ટરમાઈન્ડ ગણાવ્યા
અમિત જોગી આ ચુકાદા સામે સુપ્રીમમાં ગયા

રાયપુર, તા. 6 (પીટીઆઈ): છત્તીસગઢ હાઈકોર્ટે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીના પુત્ર અમિત જોગીને 2003માં થયેલી એનસીપી નેતા રામાવતાર જગ્ગીની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે. હાઈકોર્ટે અમિત જોગીને આ ગુનાહિત કાવતરાના 'માસ્ટરમાઈન્ડ' અને મુખ્ય સૂત્રધાર ગણાવ્યા છે. ચીફ જસ્ટિસ રમેશ સિંહા અને જસ્ટિસ અરવિંદ કુમાર વર્માની બેન્ચે 2 એપ્રિલના રોજ આપેલા આ ચુકાદામાં ટ્રાયલ કોર્ટના 2007ના તે આદેશને રદ કર્યો હતો જેમાં અમિત જોગીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે આ મુક્તિને 'ગેરકાયદેસર અને પુરાવાઓથી વિપરીત' ગણાવી છે. એનસીપી નેતા જગ્ગીની 4 જૂન, 2003ના રોજ રાયપુરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સીબીઆઈની તપાસમાં બહાર આવ્યું હતું કે જોગી પરિવાર જગ્ગીની વધતી રાજકીય લોકપ્રિયતાને પોતાના માટે ખતરો માનતો હતો. 2007માં ટ્રાયલ કોર્ટે 28 અન્ય આરોપીઓને સજા કરી હતી પરંતુ અમિત જોગીને પુરાવાના અભાવે છોડી દીધા હતા. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ હાઈકોર્ટે ફરીથી આ મામલે સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે નોંધ્યું કે અમિત જોગી તત્કાલીન મુખ્યમંત્રીના પુત્ર હોવાને કારણે એટલા પ્રભાવશાળી હતા કે તેમણે પોલીસ તંત્રનો ઉપયોગ કરીને ખોટા હુમલાખોરો પણ ઉભા કર્યા હતા. હાલમાં જનતા કોંગ્રેસ છત્તીસગઢ (જે)ના અધ્યક્ષ અમિત જોગી જામીન પર મુક્ત છે, પરંતુ કોર્ટે તેમને 3 અઠવાડિયામાં સરેન્ડર કરવા આદેશ આપ્યો છે. અમિત જોગીએ આ ચુકાદાને અન્યાય ગણાવી સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે, જેની સુનાવણી 20 એપ્રિલના રોજ થવાની શક્યતા છે. બીજી બાજુ, મૃતક નેતાના પુત્ર સતીશ જગ્ગીએ આ ચુકાદાને આવકાર્યો છે અને માગ કરી છે કે અમિત જોગીનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવે જેથી તેઓ અમેરિકા ભાગી ન જાય. સતીશ જગ્ગી હવે સુપ્રીમ કોર્ટમાં અમિત જોગી માટે ફાંસીની સજાની માગ કરશે.

દિલ્હી યુનિવર્સિટીની બે કોલેજોને ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી

નવી દિલ્હી, તા. 6 (PTI): દિલ્હી યુનિવર્સિટીની રામજસ અને મિરાન્ડા હાઉસ કોલેજોને સોમવારે બોમ્બની ધમકી આપતા ઈ-મેઈલ મળ્યા બાદ વિવિધ એજન્સીઓ ત્યાં દોડી ગઈ હતી. એમ પોલીસે જણાવ્યું હતું.

જોકે, બંનેમાંથી કોઈ પણ પરિસરમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, "જોકે ઈ-મેઈલ સંદેશાઓમાં બોમ્બનો કોઈ ઉલ્લેખ નહોતો, પરંતુ તેમની સબજેક્ટ લાઈનમાં બોમ્બની ધમકીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો."

ઈ-મેઈલ મળતા જ કોલેજ પ્રશાસને પોલીસને જાણ કરી હતી, જેનાથી સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ ટીમ, ડોગ સ્ક્વોડ અને અન્ય પોલીસ જવાનો તાત્કાલિક સંસ્થાઓ પર પહોંચી ગયા હતા.

સાવચેતીના ભાગરૂપે, તેઓએ કેમ્પસમાંથી વિદ્યાર્થીઓ અને સ્ટાફને બહાર કાઢ્યા હતા અને પરિસરને કોર્ડન કરી લીધું હતું. જોકે, ઝીણવટભરી તપાસ બાદ પણ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલે વધુ તપાસ ચાલુ છે.

વિદ્યાર્થીઓ માટે ૩૦ સેમેસ્ટર એક્સચેન્જ અને ૨૩ સમર સ્કૂલ પ્રોગ્રામ

ગ્લોબલ એક્સપોઝર : પારૂલ યુનિ.ના ૩૪ દેશોની ૧૦૨ યુનિ. સાથે એમઓયુ

વડોદરા, ભારતની પ્રતિષ્ઠિત યુનિ.માં સ્થાન ધરાવતી પારૂલ યુનિ.એ ઝડપથી બદલાતા વૈશ્વિક બિઝનેસ લેન્ડસ્કેપને અનુરૂપ વિદ્યાર્થીઓને જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવા, ઉચ્ચ-અભ્યાસમાં મદદરૂપ બનવા તથા તેમને ગ્લોબલ એક્સપોઝર પૂરૂ પાડવાના ઉદ્દેશ્યથી યુએસએ, ફ્રાન્સ, સ્પેન, કોરિયા, જ્યોર્જિયા સહિતના દેશોના અગ્રણી શૈક્ષણિક સંસ્થાનો સાથે ૧૦૨ સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ ઉપરાંત સમર સ્કૂલ, સેમેસ્ટર એક્સચેન્જર અને ઇન્ટરનેશનલ પાથ-વે પ્રોગ્રામ દ્વારા ૧૦૭ વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયા, યુએસએ, ફ્રાન્સ, ઈટલી, યુકે, ન્યુઝીલેન્ડ, જર્મની અને રશિયાની વિવિધ યુનિ.માં અભ્યાસ કરવાની અમૂલ્ય તક મળી છે.

૭૫ દેશના ૬,૦૦૦થી વધુ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે

નેક એ++ માન્યતા ધરાવતી પારૂલ યુનિ.ના પ્રોગ્રામથી વિદ્યાર્થીઓને વૈશ્વિક શૈક્ષણિક પદ્ધતિઓ, ઈન્ડસ્ટ્રી ટ્રેન્ડ્સ અને સાંસ્કૃતિક વૈવિધ્યતાને સમજવાની તક મળી છે. આ ઉપરાંત ફેકલ્ટીના સદસ્યો તેમના વિદેશની યુનિ.ના સદસ્યો સાથે મળીને નોલેજ-એક્સચેન્જ અને સહયોગી રિસર્ચને આગળ વધવા સક્ષમ બન્યા છે. બીજી તરફ હાલમાં ૭૫ દેશના ૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે યુજીસી દ્વારા કેટેગરી-૧ યુનિ.ની ઓળખ ધરાવતી પારૂલ યુનિ.એ યુએસએની સાન ડિઆગો સ્ટેટ યુનિવર્સિટી, ફ્રાન્સની આઈએમટી બિઝનેસ સ્કૂલ, કોરિયાની યુનિવર્સિટી ઓફ સીઓલ વગેરે સાથે એમઓયુ કર્યા છે. સ્ટડી ટુર પ્રોગ્રામના ભાગરૂપે ૪૦ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ઓફ વોલંગોંગ, યુનિવર્સિટી ઓફ દુબઈમાં અભ્યાસ કર્યો છે. સેમેસ્ટર એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ સ્પેનની યુનિવર્સિટી ઓફ ગ્રેનેડા, રશિયાની આઈએમટીઓ યુનિવર્સિટી, ઇટલીની યુનિવર્સિટી ઓફ બરગામો, યુકેની નોટિંગમ ટ્રેન્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. બીજી તરફ પાથ વે પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ ન્યુઝિલેન્ડની મેસી યુનિવર્સિટી, ફ્રાન્સની નિઓમા બિઝનેસ સ્કૂલ, ઓસ્ટ્રેલિયાની વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીની મુલાકાત લીધી છે. પારૂલ યુનિ.ના પ્રેસિડેન્ટ ડો. દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે "વિશ્વના પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાનો સાથે એમઓયુ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અને સહયોગથી અમે સુનિશ્ચિત કર્યું છે કે વિદ્યાર્થીઓ વિવિધ સંસ્કૃતિ, વિચારો અને અભ્યાસનું પ્રેક્ટીકલ એક્સપોઝર મેળવે. આ પહેલોથી તેમના અભ્યાસની સફર વધુ સુગમ બનવાની સાથે-સાથે તેઓ આત્મવિશ્વાસ કેળવે છે અને વૈશ્વિક સ્તરે તેમની સ્પર્ધાત્મકતામાં પણ વધારો થાય છે. અમે વૈશ્વિક નેટવર્કને સતત મજબૂત કરી રહ્યાં છીએ ત્યારે અમે દરેક વિદ્યાર્થીન વિશેષ કૌશલ્ય અને તક પૂરી પાડવા માટે કટીબદ્ધ છીએ. જે આંતરરાષ્ટ્રીય તેમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે."

એડમીશન, લોન, વિઝા માટે એન્ડ-ટુ-એન્ડ સપોર્ટ

વિદેશમાં અભ્યાસ કરવા અંગે વિદ્યાર્થીઓના પ્રશ્નોનો એક જ સ્થળે ઉકેલ આપવાના આશયથી યુનિ.એ ઈન્ટરનેશલ રિલેશનશીપ સેલનો પ્રારંભકર્યો છે. આ સેલના નિષ્ણાંતો વિદેશી યુનિ.માં એડમીશન, ફી, લોનની પ્રક્રિયા, વિઝા પ્રોસેસ, આઇઇએલટીએસ તથા જર્મન અને ફ્રેંચ લેંગ્વેજની પરીક્ષાઓ પાસ કરવા માટે સચોટ માર્ગદર્શન આપે છે. અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સુવિધાનો લાભ લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસના સપનાને સરળતાથી સાકાર કર્યું છે. તેમને ખૂબજ વ્યાજબી ફી ઉપર વિક ડે / વિકેન્ડ બેચની સુવિધા પૂરી પાડવા ઉપરાંત પારૂલ સ્ટડી એબ્રોડ સેન્ટર ખાતે એજ્યુકેશન લોન મેળવવા પણ સહાય કરાય છે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ૧૦૦% સ્કોલરશિપ

યુનિ.ની સ્ટડી એબ્રોડ પહેલ હેઠળ ઇરાસ્મસ+મોબિલીટી પ્રોગ્રામમાં સામેલ થનાર વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા સ્કોલરશિપ પૂરી પડાઈ છે, વધુમાં પાથ-વે પ્રોગ્રામમાં ભાગ લેતાં વિદ્યાર્થીઓને રૂ. ૫ થી રૂ. ૧૦ લાખની જંગી સ્કોલરશિપ પણ અપાઈ છે. યુનિ.ના સીઆઈઆરઆર સેલના કેન્દ્રિત પ્રયાસોથી દર વર્ષે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્સપોઝર મળ્યું છે. અત્યાર સુધીમાં ૨૫ કર્મચારીઓ અને ૨૦૦ વિદ્યાર્થીઓને અંદાજે રૂ. ૨.૫ કરોડના મૂલ્યની સ્કોલરશિપ મળી છે. હાલમાં યુનિ.ના અંદાજે ૧૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે.

વિદેશ મંત્રી જયશંકર કોન્વોકેશનના મુખ્ય મહેમાન

પારૂલ યુનિ.માં વિવિધ કોર્સમાં અભ્યાસ કરતો વિદેશી વિદ્યાર્થીઓ માટે ખાસ આયોજિત આંતરરાષ્ટ્રીય દીક્ષાંત સમારોહમાં ભારતના વિદેશમંત્રી ડો. એસ.જયશંકરે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો, જેમાં ૬૦૦ થી વધુ ગ્રેજ્યુએટ્સે ડિગ્રી પ્રાપ્ત કરી હતી. આ ભવ્ય સમારોહમાં ૨૭૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, ૧૦૦ થી વધુ ગૌરવશાળી માતા-પિતા, ૨૦ વિદેશી અધિકારીઓ, મહાનુભાવો સાથે મોટી સંખ્યામાં આમંત્રિતો ઉપસ્થિત રહ્યાં હતાં. હાલમાં યુનિ.માં નેપાળ, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ, તાન્ઝાનિયા, ભૂટાન, ઘાના, મ્યાનમાર, યુગાન્ડા, મોરેશિયસ સહિતના દેશોના વિદ્યાર્થીઓ વિવિધ શાખામાં અભ્યાસ કરી રહ્યાં છે, જે ભારતને વિશ્વભરમાં શિક્ષણ માટે શ્રેષ્ઠ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસોમાં યુનિ.નું નોંધપાત્ર યોગદાન સૂચવે છે.

હાઈવે પર રખડતા ઢોરનો મુદ્દો: સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યો પાસે જવાબ માગ્યો

અનેક રાજ્યો 10% 'કાઉ સેસ' ઉઘરાવે છે પરંતુ આ અંગે નક્કર કામગીરી કરાઈ નથી: સુપ્રીમ

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે દેશભરના નેશનલ અને સ્ટેટ હાઈવે પર રખડતા ઢોરના પ્રવેશને રોકવા માટે દાખલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્ર સરકાર અને અન્ય પક્ષો પાસેથી જવાબ માગ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકાર, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી છે અને 4 અઠવાડિયામાં તેમનો પક્ષ રજૂ કરવા જણાવ્યું છે. સુનાવણી દરમિયાન બેન્ચે નોંધ્યું હતું કે અનેક રાજ્યો 10% 'કાઉ સેસ' (ગાય વેરો) ઉઘરાવે છે, પરંતુ આ દિશામાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. 'લોયર્સ ફોર હ્યુમન રાઈટ્સ ઈન્ટરનેશનલ' દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં સત્તાવાળાઓને હાઈવે પર ઢોરના પ્રવેશને રોકવા માટે સમાન રાષ્ટ્રીય માર્ગદર્શિકા બનાવવા અને તેનો અમલ કરવા નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે. અરજીમાં ખાસ કરીને અકસ્માતગ્રસ્ત વિસ્તારોમાં નેશનલ હાઈવે અને એક્સપ્રેસવે પર ફરજિયાત ફેન્સિંગ (વાડ) કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. આ ઉપરાંત, ભંડોળ સાથે વૈજ્ઞાનિક રીતે સંચાલિત ગૌશાળાઓની સ્થાપના કરવા અને રખડતા ઢોરને કારણે થતા અકસ્માતના પીડિતો માટે વળતર માળખું તૈયાર કરવાની પણ માગ કરવામાં આવી છે.

ગ્વાલિયરના પ્રાણી સંગ્રહાલયમાં સફેદ વાઘણે ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો

સફેદ વાઘણ મીરાએ જન્મ આપેલા ત્રણ શ્રાવકમાંથી બે પીળા રંગના, અત્યાર સુધીમાં નવ બચ્ચાને જન્મ આપ્યો

ગ્વાલિયરઃ તા. 5 : ગાંધી પ્રાણી ઉદ્યાન ગ્વાલિયરમાં નાના મહેમાનો આવ્યા છે. પ્રાણીસંગ્રહાલયમાં હાજર સફેદ માદા વાઘણ મીરાંએ ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો છે. રવિવારે બપોરે ટાઈગર મીરાં દ્વારા આ બચ્ચાંઓને જન્મ આપવામાં આવ્યો હતો.

રવિવારે બપોરે મીરાં માતા બની હોવાના સમાચારથી મેનેજમેન્ટ ખુશ થઈ ગયું હતું.